પ્રવેશોત્સવ

નવસારીની સદી જૂની શાળામાં શિક્ષણનો ઉત્સવ

નવસારી: નવસારી શહેરની પ્રતિષ્ઠિત અને 100 વર્ષથી વધુનો વારસો ધરાવતી નગર પ્રાથમિક કન્યા શાળા નં. 6 ખાતે શૈક્ષણિક વર્ષ 2026-27ના પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન બાલવાટિકાના 4 અને ધોરણ-1ના 19 વિદ્યાર્થીઓને શાળામાં આવકારતા શિક્ષણયાત્રાનો શુભ પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે નવસારી મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર કેયુરીબેન દેસાઈ, શાસક પક્ષના નેતા નરેશભાઈ પુરોહિત, રોટરી ક્લબના પ્રમુખ રાજુભાઈ ગુપ્તા, નગરસેવક કૃતિકા પાટીલ તથા સમાજસેવી દાતાઓ પુનમબેન પટેલ અને પીનાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય કોકીલાબેન પટેલના સ્વાગત સંબોધન બાદ વિદ્યાર્થીઓએ સર્જનાત્મક રીતે મહેમાનોનું અભિવાદન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન વાલીઓ, એસએમસી સભ્યો અને મહેમાનો સાથે બાળકોના શૈક્ષણિક વિકાસ, ગુણવત્તાસભર શિક્ષણ અને ઉજ્જવળ ભવિષ્ય અંગે વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. શિક્ષક જીતેન્દ્રભાઈ પટેલે આભારવિધિ કરી હતી, જ્યારે વિદ્યાર્થીઓ સિદ્ધાર્થ અને વૈષ્ણવીએ કાર્યક્રમનું સંચાલન સંભાળ્યું હતું.

સાપુતારા સાંદિપની વિદ્યા સંકુલમાં પ્રવેશોત્સવ ઉજવાયો

સાપુતારા : રાજ્યના જળ સંશાધન અને પાણી પુરવઠા મંત્રી (સ્વતંત્ર હવાલો) ઇશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં સાંદિપની વિદ્યા સંકુલ, સાપુતારા ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. સાંદિપની વિદ્યા સંકુલ, સાપુતારા અને સ્વામી વિવેકાનંદ જ્ઞાન શક્તિ ટ્રાઇબલ રેસીડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સલન્સના સંયુક્ત કાર્યક્રમમાં મંત્રી ઇશ્વરસિંહ પટેલે કુમકુમ તિલક કરીને ભૂલકાઓને શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. ધોરણ-૬ અને ધોરણ-૧૧ ના બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે મંત્રીએ સરકાર દ્વારા જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના જેવી કલ્યાણકારી યોજનાઓનો છેવાડાના અંતરિયાળ વિસ્તારના વાલીઓ અને બાળકોને મહત્તમ લાભ ઉઠાવવા તેમણે અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે શિક્ષણ અને રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર તેજસ્વી તારલાઓનું આગેવાનોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. શાળા સંકુલમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ. મંત્રીએ સાંદિપની વિદ્યા સંકુલની વિશેષ મુલાકાત લઈ ત્યાં કન્યાઓ માટેના આધુનિક હોસ્ટેલ્સ અને સુસજ્જ રીડિંગ રૂમ સહિતની તમામ ભૌતિક સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વિજય દેશમુખ, પાણી પુરવઠા અધિકારી રાજ પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી કલ્પેશ પટેલ, લાયઝન અધિકારી, સી.આર.સી. અને બી.આર.સી., અગ્રણીઓ, શાળાના આચાર્યઓ અને શિક્ષકગણ, વાલીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

ડાંગની ત્રણ શાળાનો પ્રવેશોત્સવ ઉજવાયો

સાપુતારા: ડાંગની એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ, સાપુતારા ખાતે નવાગામ પ્રાથમિક શાળા, ગિરિનગર પ્રાથમિક શાળા અને PM SHRI EMRS સાપુતારા એમ 3 શાળાઓનો સામૂહિક શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ રાજ્યના જળ સંસાધન અને પાણી પુરવઠા મંત્રી (સ્વતંત્ર હવાલો) ઇશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. મંત્રીએ ડાંગ એક્સપ્રેસ તરીકે ઓળખાતા ભારતીય મહિલા એથ્લીટ સરિતા ગાયકવાડની રમતગમત ક્ષેત્રની સિદ્ધિઓનું વર્ણન કર્યું હતું. કન્યા કેળવણીને પ્રોત્સાહન આપતા તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે એક દીકરી ભણે છે, ત્યારે તે માત્ર પોતાનું જ નહીં પણ બે કુળનું ભવિષ્ય ઉજ્જવળ કરે છે. આ પ્રસંગે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને આગેવાનોના હસ્તે ઈનામ અને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરી તેમનો આત્મવિશ્વાસ વધારવામાં આવ્યો હતો. શાળા સંકુલમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ.આ પ્રસંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વિજય દેશમુખ, પાણી પુરવઠા અધિકારી રાજ પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી કલ્પેશ પટેલ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ડાંગનાં સુકમાળ, ગાઢવી પ્રાથમિક અને માધ્યમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો

સાપુતારા: ડાંગ જિલ્લાના સુકમાળ પ્રાથમિક શાળા તેમજ ગાઢવી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ ખાતે પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના નાયબ સચિવ ડો. જયેશ બેલાણીએ અધ્યક્ષસ્થાને રહી નવપ્રવેશી બાળકોનું શાળામાં નામાંકન કરાવ્યું હતું. વાલીઓ સાથે સંવાદ યોજી શિક્ષણના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં તાલુકા પ્રમુખ નિર્મલાબેન, બંને ગામોના સરપંચ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વિજય દેશમુખ, હિસાબી અધિકારી રતિલાલ ચૌધરી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

વાપી કન્યા વિદ્યામંદિરમાં ૭૮ બાળકોને પ્રવેશ

વાપી : કન્યા વિદ્યામંદિર વાપીમાં આ ઇ એ એ સ અધિકારી રેમ્યા મોહનના મુખ્ય અતિથિપદે કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાલવાટિકામાં 36 બાળકો, ધોરણ-1માં 12 તથા ધોરણ 2 થી 8 મા નવા 78 બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો. આ કાર્યક્રમમાં કે.એમ.રાણા (ડેપ્યુટી કમિશનર-વાપી મનપા), મુકેશભાઇ ઠાકુર (મોરાઇ ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશન), પ્રિયંકાબેન કહાર (કોર્પોરેટર-વાપી મનપા) ઉપસ્થિત રહ્યા હતાં. શાળાના આચાર્યા મનીષા પટેલ દ્વારા મહેમાનોનું સ્વાગત કરાયું હતું.

ડાંગ જિલ્લાનાં ભદરપાડા ખાતે નવાગંતુક બાળકોનું સ્વાગત

સાપુતારા: ભદરપાડા ગામે શાળા પ્રવેશોત્સવ પ્રસંગે રાજ્ય કક્ષાના અધિકારી ચિતરંજન કુમાર સોનવણે (IFS), અધિક મુખ્ય વન સંરક્ષક (નિરીક્ષણ અને મૂલ્યાંકન), ગાંધીનગર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં લાયઝન અધિકારી તરીકે આરતી ડામોર, ACF, દક્ષિણ વન વિભાગ, ડાંગ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત મંગળભાઇ જી. ગાવિત, જિલ્લા પંચાયત સદસ્ય, અજીતભાઇ રામજીભાઇ ગાવિત, તાલુકા પંચાયત સદસ્ય, તેમજ સરપંચ કલ્પેશભાઇ ઠાકરે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

નવસારીમાં ગૌવંશના મૃતદેહ મળવા મામલે પાલિકા શંકાના દાયરામાં

ગૌરક્ષક સાજન ભરવાડે જાહેર કર્યા પુરાવા; પાલિકા તંત્રની ભૂમિકા પર ઊભા થયા સવાલો

નવસારી: નવસારીના સોલિડ વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટ પાછળ ગૌવંશના મૃતદેહો ફેંકાયાની ઘટનાએ હવે વધુ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. એક તરફ મહાનગરપાલિકા કમિશનર દ્વારા સમગ્ર મામલે ઉચ્ચસ્તરીય તપાસ અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની જાહેરાત કરવામાં આવી છે, ત્યારે બીજી તરફ ગૌસેવક સાજનભાઈ ભરવાડે જાહેર કરેલા CCTV ફૂટેજે સમગ્ર ઘટનાક્રમને જ સવાલોના ઘેરામાં મૂકી દીધો છે.

ભરવાડનો દાવો છે કે CCTV ફૂટેજમાં ગૌવંશના મૃતદેહોને સ્થળ સુધી પહોંચાડતી અને ત્યાં તરછોડતી ટીમ સ્પષ્ટ દેખાઈ રહી છે.

વધુમાં આ ટીમ મહાનગરપાલિકા સાથે સંકળાયેલી હોવાનો પણ ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. જો આ દાવાઓમાં સત્યતા હોય તો સૌથી મોટો પ્રશ્ન એ ઊભો થાય છે કે અત્યાર સુધી જવાબદારી કોના માથે ઢોળવાનો પ્રયાસ થઈ રહ્યો હતો?

મહાનગરપાલિકા દ્વારા તપાસના આદેશો આપવામાં આવ્યા બાદ લોકો આશા રાખી રહ્યા હતા કે સત્ય ઝડપથી બહાર આવશે. પરંતુ હવે CCTV ફૂટેજ સામે આવ્યા બાદ તપાસની દિશા અને તેની નિષ્પક્ષતા બંને ચર્ચાના કેન્દ્રમાં આવી ગયા છે. આખરે ગૌવંશના મૃતદેહોને ત્યાં લાવવાનો નિર્ણય કોણે લીધો? શું આ કામગીરી અધિકારીઓની જાણ બહાર થઈ હતી કે પછી સમગ્ર ઘટનામાં કોઈની મૌન સંમતિ હતી? આવા સવાલો હવે શહેરભરમાં ચર્ચાઈ રહ્યા છે.

દમણથી સુરતમાં દારૂ ઘૂસાડવમાં મહિલાનો ઉપયોગ

સુરતના ખટોદરામાં રહેતી ફાલ્ગુની પકડાઈ, બમરોલીની પિન્કી વોન્ટેડ

વાપી: એલસીબી ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી આધારે ચલા દાભેલ ચેકપોસ્ટ પાસે વોચ ગોઠવી પોલીસે રીક્ષાચાલકનું નામઠામ પૂછતા અમિત કમલ શાહ (ઉ.26, રહે. દમણ સ્થિત ચાલી, મૂળ ઝારખંડ) હોવાનું જ્યારે મહિલા મુસાફરે ફાલ્ગુનીબેન મુકેશભાઈ રાણા (ઉ.42, રહે. ખોટદરા-સુરત) હોવાનું જણાવ્યું હતું. આ દારૂનો જથ્થો તેમની ઓળખીતી પીન્કી આકાશસીંગ(રહે. બમરોલી, સુરત)નો હોવાનુ સ્પષ્ટ થતા તેને વોન્ટેડ દર્શાવી હતી.

ફાલ્ગુની સામે 25 ગુના

ઝડપાયેલ ફાલ્ગુની સામે સુરત શહેરના અલગ-અલગ પોલીસ સ્ટેશનો, પલસાણા, નવસારી, ગણદેવી, ભીલાડ, પારડી, ડુંગરી, વલસાડ, નાનાપોંઢા, વાપી ટાઉન, વાપી રેલવે, વાપી જીઆઈડીસી પોલીસ સ્ટેશન મળી કુલ 25 જેટલા ગુનાઓ નોંધાયા છે.

વલસાડ જિ. પં.ની સામાન્ય સભામાં વિવિધ સમિતિની રચના

નવા સભ્ય પ્રશ્નો ઉઠાવવા જતાં ડીડીઓએ તેને પ્રશ્ન પૂછવાની યોગ્ય રીત શીખવા જણાવી બેસાડી દીધા

વલસાડ: વલસાડ જિલ્લા પંચાયતની સામાન્ય સભા જીએમઈઆરએસ મેડિકલ કોલેજના સંકુલમાં મળી હતી. બુધવારે સાંજે પ્રમુખ હેતલબેન પટેલની અધ્યક્ષતા અને જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતની ઉપસ્થિતિમાં મળેલી સભામાં વિવિધ સમિતિઓની રચના થઈ હતી. તેમના અધ્યક્ષોની નિમણૂક જે તે સમિતિની બેઠક દરમિયાન થશે.

સભામાં નવા સભ્યોએ પોતાના પ્રશ્નો રજૂ કરવાનો પ્રયાસ કર્યો હતો. પાલિકાની સભાની જેમ જિલ્લા પંચાયતમાં પણ લોકોની સમસ્યાના પ્રશ્નો એક મહિલા સભ્યે ઉઠાવ્યા હતા. તેમણે પાણીની સમસ્યા તેમજ અન્ય પાયાના પ્રશ્નો ઉઠાવતાં ડીડીઓએ તેમને વચ્ચેથી જ કાપી નાખ્યા હતા. તેમજ તેમને જણાવ્યું કે, અતિ મહત્વના પ્રશ્નો સિવાય પ્રશ્નો પૂછવા નહીં. પ્રશ્નો પૂછવા હોય તે અગાઉથી જણાવી દેવાના હોય. જેથી જે તે વિભાગના અધિકારી કે કર્મચારી સભામાં તેનો જવાબ આપી શકે. જેના પગલે નવા નિશાળિયા સભ્યો સાથેની આ સભા ગણતરીની મિનિટોમાં જ પૂર્ણ થઈ ગઈ હતી. પારડી સાંઢપોરના સભ્ય સ્નેહલ પટેલે કેટલી ગ્રાન્ટ મળશે તેમજ જે કામ ગ્રામ પંચાયત દ્વારા થતા ન હોય એવા કામ કરવા માટે લોકો તેમની પાસે આવતા હોવાની વાત કરી હતી. જેના જવાબમાં ડીડીઓએ જણાવ્યું કે, ગામ દીઠ રૂ. 5 લાખ અંદરની ગ્રાન્ટ મળશે. હજુ કેટલી ગ્રાન્ટ અપાશે તે નક્કી થઈ શક્યું નથી. આગામી સમયમાં ગ્રાન્ટની ગણતરી કરી તમને તેની જાણકારી અપાશે.

નવસારી ખનિજ વિભાગ સામે કોન્ટ્રાક્ટરના ગંભીર આક્ષેપો

વાયરલ વીડિયોથી ગેરકાયદે ખનન, પક્ષપાત અને સરકારી આવકને નુકસાનના મુદ્દે ઉઠ્યા સવાલો

નવસારી: નવસારી જિલ્લાના ખનિજ વિભાગ સામે માઇનિંગ કોન્ટ્રાક્ટર રોહિત સેઠિયાએ સોશિયલ મીડિયામાં જાહેર કરેલા વીડિયોને પગલે સમગ્ર જિલ્લામાં ચર્ચાનો માહોલ સર્જાયો છે. વીડિયોમાં સેઠિયાએ ખનિજ વિભાગના કેટલાક અધિકારીઓ પર પક્ષપાતપૂર્ણ વલણ અપનાવવાનો, નિયમોનું પાલન કરતા કોન્ટ્રાક્ટરોને હેરાન કરવાનો તેમજ કથિત ગેરકાયદે ખનન સામે અસરકારક કાર્યવાહી ન કરવાનો ગંભીર આક્ષેપ કર્યો છે.

રોહિત સેઠિયાના જણાવ્યા અનુસાર તેઓ તમામ કાયદાકીય જોગવાઈઓનું પાલન કરીને ખનન કામગીરી કરી રહ્યા છે અને નિયત રોયલ્ટી તેમજ અન્ય શૂલ્કની ચૂકવણી પણ કરી છે. તેમ છતાં તેમની સામે વારંવાર કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું તેમણે વીડિયોમાં જણાવ્યું છે. બીજી તરફ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં મોટા પાયે કથિત ગેરકાયદે માટી ખનન ચાલી રહ્યું હોવા છતાં જવાબદાર તંત્ર દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવતા નથી, એવો પણ તેમણે દાવો કર્યો છે. સેઠિયાએ વધુમાં આરોપ લગાવ્યો છે કે કેટલાક સ્થળોએ નિયમોના ભંગ સાથે ખનન થતું હોવાના કારણે સરકારને મોટી આવકનું નુકસાન થઈ શકે છે. ચોમાસું નજીક હોવાથી આવા સ્થળોની તાત્કાલિક તપાસ જરૂરી હોવાનું પણ તેમણે જણાવ્યું છે. તેમના મતે વરસાદ શરૂ થયા બાદ સંભવિત પુરાવાઓ નષ્ટ થવાની શક્યતા રહેલી છે.

વીડિયો વાયરલ થયા બાદ હવે સમગ્ર મામલે અનેક પ્રશ્નો ઊભા થયા છે. જો આક્ષેપોમાં તથ્ય હોય તો જવાબદાર અધિકારીઓ સામે શું કાર્યવાહી થશે? શું સમગ્ર મામલે સ્વતંત્ર તપાસ હાથ ધરવામાં આવશે? અને જો આક્ષેપો પાયાવિહોણા હોય તો તંત્ર તેની સ્પષ્ટતા ક્યારે કરશે?

આ મામલે ખનિજ વિભાગના સંબંધિત અધિકારીનો પક્ષ જાણવા પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ તેમનો સંપર્ક થઈ શક્યો નહોતો. તેથી આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. જોકે વીડિયો સામે આવ્યા બાદ નિષ્પક્ષ અને પારદર્શક તપાસની માંગ વધુ મજબૂત બની છે.

દાદરા અને નગર હવેલીમાં શનિ-રવિ બૂથ ડેનું આયોજન

સમસ્યા સંદર્ભે સ્થળ પર જ માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી

વાપી: દાદરા અને નગર હવેલી જિલ્લા વહીવટીતંત્રના ચૂંટણી વિભાગે પ્રદેશના નાગરિકો માટે શનિ અને રવિ SIR અંગે વિશેષ આયોજન કર્યું છે. દાદરા અને નગર હવેલી સંસદીય મતવિસ્તારમાં આગામી સમયમાં યોજાનારા સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR)-2026 અંતર્ગત જિલ્લાનાં તમામ મતદાન મથકો પર વિશેષ બૂથ ડે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. અખબારી યાદી મુજબ, આ ખાસ કેમ્પ આગામી સપ્તાહના અંતમાં બે દિવસ માટે યોજાશે, જેથી નોકરિયાત વર્ગ અને સામાન્ય જનતા તેનો પૂરતો લાભ લઈ શકે.

આ વિશેષ બૂથ ડે કેમ્પના આયોજન માટે વહીવટીતંત્ર દ્વારા ચોક્કસ સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે, જે અંતર્ગત પ્રથમ દિવસે એટલે કે શનિવાર, ૨૭ જૂને બપોરે ૩ વાગ્યાથી સાંજના ૬:૩૦ વાગ્યા સુધી પ્રક્રિયા ચાલશે. જ્યારે બીજા દિવસે એટલે કે રવિવારે સવારે ૯:૩૦ વાગ્યાથી શરૂ કરીને સતત સાંજના ૬ વાગ્યા સુધી નાગરિકો માટે મતદાન મથકો ખુલ્લાં રહેશે. ચૂંટણી વિભાગે દાદરા અને નગર હ વેલી જિલ્લાના તમામ પાત્ર મતદારો અને સામાન્ય જન તાને આ કેમ્પનો લાભ લેવા અપીલ કરી હતી. આ કેમ્પ દરમિયાન નાગરિકો પોતાના સંબંધિત મતદાન મથક પર જઈને એન્યુમરેશન ફોર્મ્સ સબમિટ કરી શકશે. આ ઉપરાંત, ફોર્મ ભરવા, સુધારા કરવા કે તેને સબમિટ કરવા બાબતે કોઈ પણ પ્રકારની મૂંઝવણ કે સહાયની જરૂર હોય, તો દરેક મતદાન મથક પર હાજર બૂથ લેવલ ઓફિસર્સ દ્વારા સ્થળ પર જ જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

Ministry of Culture
Government of India

લોકશાહી અમર રહો!

બંધારણીય લોકશાહીને જાળવી રાખવા માટે સમર્પિત એક કાર્યક્રમ

કટોકટી લાદવાનાં 50 વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં

આયોજિત કાર્યક્રમોનું સમાપન

સંવિધાન હત્યા દિવસ ૨૦૨૬

ભારતીય ઇતિહાસના કાળા યુગ પર એક નજર

"કટોકટી લાદવામાં આવી તેને ૫૦ વર્ષ થઈ ગયા છે; દેશની કોઈ પણ પેઢીએ બંધારણની હત્યા કરવાના આ પાપને ક્યારેય ભૂલવું ન જોઈએ."

– નરેન્દ્ર મોદી, વડા પ્રધાન

તારીખ: ૨૫ જૂન ૨૦૨૬ | સમય: સાંજે ૪:૦૦ વાગ્યે

સ્થળ: સેન્ટર ફોર કલ્ચરલ રિસોર્સિસ એન્ડ ટ્રેનિંગ (CCRT), ૧૫-એ, બ્લોક ડી, સેક્ટર ૭, દ્વારકા, દિલ્હી

કાર્યક્રમના મુખ્ય આકર્ષણો

વિશેષ પ્રદર્શની: 'સંવિધાન હત્યા દિવસ' અને 'લોકશાહી અમર રહો'

શોર્ટ-ફિલ્મનું સ્ક્રીનિંગ: 'સંવિધાન હત્યા દિવસ'

સ્વતંત્ર ભારતના ઇતિહાસના સૌથી મુશ્કેલ સમયમાં જેમણે અત્યાચાર સહન કર્યા અને હિંમત જાળવી રાખી, તે તમામ લોકોને સંગીતમય શ્રદ્ધાંજલિ

મુખ્ય અતિથિ

શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત

માનનીય કેન્દ્રીય સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી, ભારત સરકાર

વિશેષ સંબોધન

શ્રી રામ બહાદુર રાય

(કટોકટી દરમિયાન અટકાયત કરાયેલ વ્યક્તિ)
પ્રમુખ, ઇન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટ્સ

CBC 09101/13/0014/2627

ટાઈટલ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું છે કે, જીલ્લો નવસારીના તાલુકો જલાલપારના મોજે ગામ : પોંસરાનાં રેવન્યુ દફતરે નવો બ્લોક નંબર: ૫૫૦ (જુનો બ્લોક નં. ૩૨૨) વાળી જમીન જે સીટી સર્વે દફતરે સીટી સર્વે વોર્ડ: પોંસરા (બિનખેતી)ના શીટ નં. NA૯૯ સીટી સર્વે નં. NA૫૫૦ થી નોંધાયેલ ૫૪૮૦.૦૦ ચો.મી. બહુહેતુક ઉપયોગી માટે બિનખેતીની થયેલી જમીન હાલમાં અમારા અસીલશ્રી આયુષ વિનોદ અગ્રવાલની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટા હેઠળની ચાલી આવેલી છે અને તેઓએ મારી પાસેથી સદરહું મિલકતના ટાઈટલ કલીયરન્સ રીપોર્ટની માંગણી કરી છે અને તેઓએ એવું જણાવેલ કે મજકુર મિલકતના અસલ દસ્તાવેજો/પેપર્સ પૈકી નીચે પરિશિષ્ટમાં જણાવેલ અસલ દસ્તાવેજ/પેપર્સ/ટાઈટલ ડીડસ ગુમ થયેલ છે અને હાલ જડતા નથી. જેથી મજકુર ગુમ થયેલ અસલ દસ્તાવેજ/પેપર્સ/ટાઈટલ ડીડસ કોઈપણ વ્યકિત/સંસ્થા/બેંક વિગેરે પાસે હોય અથવા સદરહું મિલકતમાં કોઈપણ વ્યકિત/સંસ્થા /બેંક વિગરે નો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દર-દાવો હોય તો તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહિત દિન-૭ માં નીચે જણાવેલા સરનામે લેખીતમાં જાણ કરવી. આમ મજકુર મુદ્દત વિત્યેથી સદરહું મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, સંબંધ, દર-દાવો નથી અને જો હોય તો તે જતો કર્યો છે તેવું માનીને અમો સદર મિલકતનો ટાઈટલ કલીયરન્સ અંગેનું સર્ટીફીકેટ આપીશું અને અમારા અસીલ સદર મિલકત ઉપર બેંક/નાણાંકીય સંસ્થામાંથી લોન મેળવી મોર્ગેજ કરવાની કાર્યવાહી કરશે જેથી મજકુર અસીલનો મજકુર મિલકત ઉપર સંપુર્ણ માલિકી અને કબજો રહેશે તેમજ સદર બેંક/નાણાંકીય સંસ્થાનો સદર મિલકત ઉપર પ્રથમ બોજો/ચાર્જ રહેશે. ત્યારબાદ મજકુર મિલકત બાબતમાં કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં, તેની સર્વેએ નોંધ લેવી.

પરિશિષ્ટ ગુમ થયેલ દસ્તાવેજ/પેપર્સની વિગત

(૧) મહેરબાન સબ-રજીસ્ટ્રાર નવસારીની કચેરીમાં તા. ૧૦/૦૬/૨૦૦૯ ના રોજ અનુક્રમ નંબર: ૩૩૪૦ થી નોંધાયેલ અસલ વેચાણ દસ્તાવેજ

(૨) મહેરબાન સબ-રજીસ્ટ્રાર નવસારીની કચેરીમાં તા. ૩૧/૦૧/૨૦૦૬ ના રોજ અનુક્રમ નંબર: ૭૮૦ થી નોંધાયેલ વેચાણ દસ્તાવેજ તેમજ સદર દસ્તાવેજની સબ-રજીસ્ટ્રાર સાહેબ ધ્વારા આપવામાં આવેલ અસલ રજીસ્ટ્રેશનની રસીદ / પાવતી

તા. ૨૫/૦૬/૨૦૨૬

સુરેન્દ્ર ઔમપ્રકાશ સારસ્વત (એડવોકેટ)

ઓ: એફ- ૬-૭, પહેલો માળ,ડી. જી. પોઈન્ટ, પર્વત પાટીયા, સુરત. મો. ૯૯૨૫૦૧૩૯૩૩